10

Celebrating *Decade of Dedication*

# सुतीर्थ

।। न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।।

Indian Institute of Teacher Education, Gandhinagar ¨ Year : 1 ¨ Issue : 11 ¨ Month: August, 2020











IITE inhouse magazine for private circulation only

Indian Institute of Teacher Education, Gandhinagar

Volume : 1 • Issue : 11 • August, 2020



આઈઆઈટીઈના પ્રાંગણમાં ઉજવાયો ગાંધીનગર જિલ્લાનો "71મો વન મહોત્સવ”

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | કુલપતિશ્રીનો સંદેશ | 1 |
| 2. | i3T - ટાસ્ક, ટીમ અને ટેમ્પરામેન્ટનું ઝળહળતું ઉદાહરણ | 2 |
| 3. | Do you know an author of a novel with two titles? | 4 |
| 4. | ઊઘડતી દિશાઓ - રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો જન સામાન્ય સુધી પ્રસાર | 6 |
| 5. | સંપૂર્ણ સ્વચ્છતા સાથે ચટાકેદાર પાણીપુરી પીરસતું વેન્ડિંગ મશીન | 8 |
| 6. | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020: 125 કરોડ દેશવાસીઓની આકાંક્ષાઓ | 10 |
| 7. | RIE ભુવનેશ્વરે ઉજવ્યો 58મો સ્થાપના દિવસ | 12 |
| 8. | સંસ્કૃત દિવસ - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને સંસ્કૃત વિશે પરિચર્ચા | 12 |
| 9. | Campus Canvas | 14 |
| 10. | आजादी | 15 |



**Editor**

**Paras K. Jha**
(Public Relation
& Publication Officer)

**Editorial Contribution**

**Dr. Swarnabharati Evani** (Assi. Prof.)
**Ms. Hiral Jani** (Curator)
**Ms. Nitya Trivedi** (Technical Asst. )

**Design :** Ranmal Sindhav

iitegandhinagar

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in

# કુલપતિશ્રીનો સંદેશ



**વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો,**

ઓગસ્ટ મહિનો, ઐતિહાસિક સંદર્ભમાં આપણા દેશ માટે ક્રાંતિનો મહિનો છે. આપણે સહુએ સ્વતંત્રતાના સંઘર્ષની અને એને માટે આપણા ક્રાંતિકારીઓએ કરેલી પ્રાણોની આહુતિનું સતત સ્મરણમાં રાખીને આપણી આવનારી પેઢીને આઝાદી એટલે શું? એનું મૂલ્ય શું? એને જાળવી રાખવા માટેના સંસ્કારો અને ક્ષમતાનું સિંચન આપણે કરતા રહેવું જરૂરી છે.

આઈઆઈટીઈએ પણ ઓગસ્ટ ક્રાંતિના મહિનામાં એક નાનો મુક્તિસંગ્રામ સફળતાપૂર્વક હાથ ધર્યો. આ સંગ્રામ હતો કોરોના મહામારીના ડર સામે. આપણી ટીચર યુનિવર્સિટીએ કોવિડ-19ના કારણે સમાજમાં ફેલાયેલા માનસિક ડરને ને મ્હાત આપીને, કોઈપણ વ્યક્તિનું સ્વાસ્થ્ય ન જોખમાય તેની પૂરતી કાળજી લઈને i3T પ્રવેશ પરીક્ષાનું આયોજન કર્યું. આ આયોજનને સફળ બનાવવા માટે આઈઆઈટીઈ સાથે સંકળાયેલી પ્રત્યેક વ્યક્તિએ અને પ્રત્યેક સંસ્થાએ પોતાનું યોગદાન આપીને કોઈપણ ટાસ્કને પહોંચી વળવા માટે આપણી ટીમના પરિશ્રમ અને મુશ્કેલી સામે બાથ ભીડીને તેનો ઉકેલ શોધી કાઢવાના ટેમ્પરામેન્ટનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રવેશ પરીક્ષાના આયોજનમાં યુનિવર્સિટીને રાજ્ય સરકારના વિવિધ વિભાગોનો ઉષ્માસભર સહકાર સાંપડ્યો છે, તેની સહર્ષ નોંધ લેવી જરૂરી છે.

ક્રાંતિ અને સ્વતંત્રતાની જરૂરિયાત માત્ર રાજકીય કે સામાજિક સ્તરે જ નથી. આપણે સહુએ સદીઓથી ઘર કરી ગયેલી કુંઠિત માનસિકતાઓથી સ્વતંત્ર થવું જરૂરી છે. આ દિશામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી એક નવી વૈચારિક ક્રાંતિ તરફ પગરણ મંડાયા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલથી એ કુંઠિત માનસિકતાઓમાંથી માત્ર આપણે સહુ જ નહીં આવનારી પેઢીઓ પણ સ્વતંત્ર બને તેવી પુષ્કળ તકો આ નીતિ આપે છે.

આઈઆઈટીઈએ માન. વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના આહ્વાનને એક મિશન તરીકે લઈને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને જન સામાન્ય સુધી પહોંચાડવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે. શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા આ નીતિને સરળ ભાષામાં સમજાવીને તે સંવાદને રાજ્યના ખૂણે ખૂણે પહોંચાડી શકાય તે હેતુથી દૂરદર્શન સાથે મળીને DD ગિરનાર ચેનલના માધ્યમથી 'ઊઘડતી દિશાઓ' કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો.

આઈઆઈટીઈના કેન્દ્ર સ્થાને છે - વિદ્યાર્થીઓ. જે અહીંથી તાલીમ પામીને દેશની ભાવિ પેઢીઓનું ઘડતર કરવાના છે. પ્રવેશ પરીક્ષાના આયોજન બાદ હાલમાં વિવિધ અભ્યાસક્રમો અને સંસ્થાઓમાં પ્રવેશની પ્રક્રિયા ચાલી રહી છે. યુનિવર્સિટીના પ્રવર્તમાન વિદ્યાર્થીઓને નવા મિત્રો મળશે અને આઈઆઈટીઈ તથા સંલગ્ન સંસ્થાઓમાં પ્રવેશ મેળવનારા નવા વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં કારકીર્દી બનાવવા માટે નવા પ્રકારની તાલીમ મળશે.

કોવિડ-19નો સમયગાળો કપરો રહ્યો છે. આપ સહુ સ્વસ્થ રહો અને આ સંક્રમણથી બચવા માટે સતત સાવચેત રહો એ જરૂરી છે. સાથે સાથે એ વાત પણ સ્મરણમાં રાખજો કે એ સાવચેતી બિનજરૂરી રીતે માનસિક ભયમાં ન પરિણમે. જ્યાં સુધી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રત્યક્ષ રીતે શિક્ષણ કાર્ય શરૂ નહીં થાય ત્યાં સુધી આપણે સહુએ ટેક્નૉલૉજીનો અસરકારક ઉપયોગ કરીને શિક્ષણ પ્રક્રિયામાં જોડાયેલા રહેવું પડશે. પરંતુ એ વાત પણ નિશ્ચિત માનજો કે જ્યારે પણ પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થશે ત્યારે આપણે સહુ ફરીથી એક નવા અનુભવ અને સમજણ સાથે શીખવાની એ પ્રક્રિયાનો વધુ સારી રીતે આનંદ માણી શકીશું.

આપ સહુને આગામી 5 સપ્ટેમ્બરના રોજ સમગ્ર દેશમાં મનાવવામાં આવનારા શિક્ષક દિવસની અગ્રિમ શુભેચ્છાઓ આપું છું. આપણા સહુના જીવનમાં પોતાના સંવેદનોથી, જ્ઞાનથી, પ્રેરણાથી કે પછી ટકોરથી પ્રગતિનો પ્રકાશ ફેલાવનારા એ સહુ નામી-અનામી શિક્ષકોનું સ્મરણ કરજો, તેમનું સતત સન્માન જળવાય તે પ્રકારે વિકાસ થતો રહે તેવી પ્રાર્થના સાથે....

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**



# i3T ટાસ્ક, ટીમ અને ટેમ્પરામેન્ટનું ઝળહળતું ઉદાહરણ

**આઈઆઈટીઈના તમામ સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમો તથા સંશોધન કાર્યક્રમોમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા i3T (Integrated Test for Teacher Trainee) ૨ ઓગસ્ટે સોશિયલ ડિસ્ટન્સિંગ અને ઉમેદવારોની સ્વાસ્થ્ય સુરક્ષા સુનિશ્ચિત કરીને સફળતાપૂર્વક યોજાઈ.**

કોરોના મહામારીના કપરા સમયમાં પ્રત્યેક વ્યક્તિના આરોગ્યની જાળવણી અને કોરોનાના ચેપથી બચેલા રહેવું એ પ્રાથમિકતા છે. સંક્રમણથી બચવાની સાવચેતીને કારણે ઉચ્ચ શિક્ષણના બે મહત્ત્વપૂર્ણ પાસાં - પ્રવેશ અને પરીક્ષાની વ્યવસ્થાઓ સમગ્ર દેશમાં ખોરવાઈ ગઈ છે. આવા સમયે જો અડગ નિર્ધાર, ઇચ્છાશક્તિ અને અસરકારક આયોજન હોય તો કાર્યમાં સફળતા જરૂર મળે છે. આ વાતનું ઉદાહરણ છે, આઈઆઈટીઈ દ્વારા 2 ઓગસ્ટના રોજ રાજ્યના 135 કેન્દ્રો પરથી કરવામાં આવેલું i3T (Integrated Test for Teacher Trainee) પ્રવેશ પરીક્ષાનું આયોજન.


ટીચર યુનિવર્સિટી તરીકે જાણીતી આઈઆઈટીઈમાં આગામી શૈક્ષણિક સત્ર માટેની પ્રવેશ પ્રક્રિયા યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે શું કરી શકાય તેની સતત વિચારણા કરવામાં આવતી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર આઈઆઈટીઈ પરિવારે આ પ્રવેશ પરીક્ષાનું અસરકારક રીતે આયોજન કરવાનો દૃઢ નિર્ધાર કર્યો. વહીવટી અધિકારીઓ, અધ્યાપક ગણ તથા તમામ કર્મચારીઓએ પ્રવેશ પરીક્ષા સફળ બને તે માટે પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓ ગોઠવવાનું શરૂ કર્યું.

આ હેતુથી 6 જુલાઈના MHRD ના પરિપત્ર અને આધારિત OMR based વર્ગખંડમાં પરીક્ષા લેવી તેઓ નિર્ધારિત કરવામાં આવ્યું. એક સરકારી વ્યવસ્થા તરીકે પરીક્ષા લેવાય તે માટે આ કાર્યમાં રાજ્ય પરીક્ષા બોર્ડને સહયોગી સંસ્થા બનાવવાનું નક્કી કર્યું.

આ ઉપરાંત સ્થાનિક જિલ્લા વહીવટીતંત્રને સંકલન માટે યુનિવર્સિટી સ્થાનિક કલેકટર તંત્ર અને પોલીસ માળખું વ્યવસ્થામાં મદદરૂપ થાય તે માટે જિલ્લા પોલીસ વડા, તથા રાજ્યના પોલીસ વડાને સહયોગ માટે વિનંતી પત્ર લખવામાં આવ્યો. જેનો ખૂબ જ ઉત્સાહજનક પ્રતિભાવ મળ્યો.

પરીક્ષા આપવા માટે ઉમેદવારોને પોતાના ઘરથી દૂર ન જવું પડે તે માટે યુનિવર્સિટીએ 30ને બદલે પરીક્ષા કેન્દ્ર વધારવા માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વિકલ્પ આપ્યો તેમના ઘરની નજીક નો રાજ્યમાં લગભગ તાલુકા કેન્દ્રોએ પરીક્ષા યોજાય તેવી વ્યવસ્થા કરી. પ્રવેશ માટે મળેલી અરજીઓના ડેટાનું વિશ્લેષણ કરતા 185 કેન્દ્રો પરીક્ષા કેન્દ્રો બને તેવી સંભાવના જોવા મળી. ઉમેદવારોએ કરેલી કેન્દ્ર પસંદગીના વિશ્લેષણ બાદ જે કેન્દ્ર પર 10 થી વધારે વિદ્યાર્થી હોય તેવા 135 જેટલાં કેન્દ્રોને પરીક્ષા કેન્દ્ર તરીકે સમગ્ર રાજ્યમાં નિર્ધારિત કરવામાં આવ્યા.






## અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો

**પરીક્ષાના બે દિવસ પહેલાં જ ૩૧ જુલાઈના રોજ આઈઆઈટીઈને અમરેલીના એક ઉમેદવાર ધ્રુવ સંચાણિયાનો ઇમેઇલ મળ્યો. જેમાં ધ્રુવે જણાવ્યુ હતું કે તેમને કોવિડ-૧૯નું સંક્રમણ થયું છે અને તેમને અમરેલીના કોવિડ-૧૯ કેર સેન્ટરમાં સારવાર લઈ જવામાં આવ્યા છે. આમ છતાં તેઓ આ પ્રવેશ પરીક્ષા આપવા ઇચ્છે છે તો આઈઆઈટીઈ દ્વારા તેમને શું મદદ થઈ શકે ?**
**કોઈ પણ પ્રવેશ ઇચ્છુક ઉમેદવાર પ્રવેશ પરીક્ષા આપવાથી વંચિત ન રહી જાય તેની ચિંતા આઈઆઈટીઈના નેતૃત્વ દ્વારા કરવામાં આવી હતી. કુલપતિશ્રીના માર્ગદર્શનથી રાજ્યના આરોગ્ય વિભાગ સાથે સંકલન સાધવામાં આવ્યું અને આઈઆઈટીઈની પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્ર કોવિડ-૧૯ કેર સેન્ટરમાં સારવાર લઈ રહેલા ધ્રુવ સંચાણિયાને પહોંચાડવામાં આવ્યું હતું.**
**હવે જ્યારે આ પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે, ત્યારે આઈઆઈટીઈને એ વાતનો સંતોષ છે કે, ધ્રુવને આ પ્રવેશ પરીક્ષામાં મેરીટમાં સ્થાન પ્રાપ્ત થયું છે અને તે પોતાની પસંદગીની કોલેજમાં બી.એડ.નો અભ્યાસ કરી શકશે.**

આ આયોજનમાં પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી લઈ આવવાનો અને તેમને કોઈ પણ પ્રકારની આરોગ્ય વિષયક ચિંતા ન રહે તે પ્રકારે શાંત ચિત્તે પરીક્ષા આપી શકે તેવું વાતાવરણ મળે તેવી વ્યવસ્થા કરવાનો પડકાર સૌથી મોટો હતો.

જેના માટે આ પરીક્ષા યોજાઈ રહી છે તે ઉમેદવારો પરીક્ષામાં મહત્તમ સંખ્યામાં ભાગ લે પ્રવેશ ફોર્મ ભર્યા પછી સીધો સંપર્ક વિદ્યાર્થી સાથે રહેતો નથી. પ્રવેશ ફોર્મ પણ ઓનલાઇન અને સીધા પરીક્ષા આપવાનું રહેતુ આથી જે તે દિવસથી દ્વારા ERP ના માધ્યમથી બે વખત પરીક્ષા કેન્દ્રની પસંદગી તથા તેમની હોલ ટિકિટ ડાઉનલોડ કરવા માટે એસએમએસથી તેમને જાણ કરવામાં આવી.

ઉમેદવારોનું ટ્રેકિંગ 11003 વિદ્યાર્થીઓ પૈકી અમુક ઉમેદવારોએ એકથી વધુ કોર્સમાં અથવા એકથી વધુ અરજી કરી હોય, એ સંજોગોમાં લગભગ 10 હજાર પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા જોઈએ અને ત્યાં સુધી સંદેશો પહોંચે એવી કાળજી યુનિવર્સિટીએ લીધી.

યુનિવર્સિટીએ તબક્કાવાર ટ્રેકિંગ કરી લગભગ છ વખત એસએમએસથી હોલ ટિકિટ ડાઉનલોડ કરવા માટેની જાણકારી ઉમેદવારોને આપી. આઈઆઈટીઈએ સુનિશ્ચિત કર્યું કયા પરીક્ષા કેન્દ્રમાં કેટલા વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ ડાઉનલોડ કરી છે સતત ટ્રેકિંગ રાખવાથી એ સંખ્યા લગભગ 10 હજાર સુધી પહોંચી અને પરીક્ષામાં 9331 ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

પરીક્ષા કેન્દ્રો પર પણ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી સોશિયલ ડિસ્ટિસિંગ માટેની માર્ગદર્શિકા અને કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પરિપત્રનું ચુસ્ત પાલન કરીને પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોને કોઈ પણ પ્રકારના ચેપથી બચાવવાની વ્યવસ્થા કરવામાં આવી.

આ માટે હાલ હવાઈ મુસાફરી માટે પ્રવાસીઓને જે પ્રકારે સેફ્ટી કિટ આપવામાં આવે છે, તે જ પ્રકારે આઈઆઈટીઈએ દરેક ઉમેદવાર તથા પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલા તમામ સ્ટાફ માટે સેફ્ટી કિટ તૈયાર કરવામાં આવી. આ કિટમાં ફેસ-માસ્ક, ફેસ-શિલ્ડ, હેન્ડ સેનિટાઇઝરનું પાઉચ સામેલ હતાં. આવી કુલ ૧૨ હજાર કિટ તૈયાર કરવામાં આવી હતી.

આ પરીક્ષાના આયોજન માટે તા. 1 ઓગસ્ટ, 2020ના રોજ સાંજ સુધીમાં તમામ જિલ્લા મથકોએ આ પરીક્ષાના પ્રશ્નપત્રો મોકલીને સ્થાનિક પોલીસની હાજરીમાં સ્ટ્રોંગરૂમમાં મૂકીને સીલ કરી દેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતી વખતે થર્મલ સ્કેનથી શરીરના તાપમાનની ચકાસણી અને સેનિટાઇઝ કરવામાં આવ્યા હતા.

સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ શકે તે હેતુથી પરીક્ષા કેન્દ્રમાં દરેક બ્લોકમાં માત્ર 12 ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

પ્રવેશ પરીક્ષાના આ સફળ આયોજનની નોંધ અખબારો, ટીવી સમાચાર ચેનલ અને ડિજિટલ સમાચાર માધ્યમોએ પણ લીધી. એટલું જ નહીં i3Tના આ આયોજનને દેશના જાણીતા મેનેજમેન્ટ ગુરુ એન. રઘુરામને એક કેસ સ્ટડી તરીકે પોતાની કોલમ 'મેનેજમેન્ટ ફંડા'માં પણ સ્થાન આપ્યું હતું.



Photo: www.avnidoshi.com/

# Do you know an author of a novel with two titles?

## *Why Avni Doshi, an Indian-origin author and Booker Prize Nominee Author, chose to release her first novel with two different titles and covers?*

■ **Dr. Swarnabharati**

Avni is very common name in India, but when we talk about Avni Doshi, the name not only becomes special but brings smile on literary enthusiasts of India. Born is New Jersey in 1982, Avni Doshi's novel 'Burnt Sugar' has been longlisted for the Booker Prize 2020. However, the Indian readers have already read this novel under the title of 'Girl in White Cotton'.

Interestingly, this is the first novel of Doshi and her writing style has won her accolades, including the getting novel longlisted for the Booker Prize 2020. Doshi has been awarded the Tibor Jones South Asia Prize and a Charles Pick Fellowship at the University of East Anglia based on her manuscript ***Girl in White Cotton***. Her writing has featured in *Harper's Bazaar India*, *Art Asia Pacific* and *Frieze*.

It was art that brought her to India in her mid-twenties, where she lived for seven years, working as a curator with galleries such as Latitude 28 in Delhi and Art Musings in Mumbai. Doshi embarked upon her first novel in 2012, as she points out in one of her interviews to The Indian Express, *"I always knew I wouldn't work as a curator for very long — I wasn't very good, not academic enough, too fanciful. When I started writing fiction, it immediately felt better to me, and since I loved reading, literature felt familiar. It was only after I won the Tibor Jones Prize for the first draft of this book in 2013, was introduced to an agent and the literary world, that I started to actually doubt myself. I was sure I didn't know how to write, that this was all a mistake."*

When I started reading about Doshi's novel, I was puzzled by the two names of her only novel, - ***Girl in White Cotton*** and ***Burnt Sugar***, which felt like some conspiracy. However, I realized that it was quite an interesting marketing strategy to publicize the novel across the globe. She has talked about the same in various interviews. Talking about different titles of the book in India and UK Doshi said to livemint.com, *"The editing*




Photo: www.avnidoshi.com/




Photo: www.avnidoshi.com/

*process was very straightforward. I was lucky enough to work with two great editors. Personally, I really like both titles, and think they both resonate with the text. I trusted the teams at Hamish Hamilton in the UK and Fourth Estate in India, they clearly know their markets.*"

She also talked about changing the name and title cover of her first book to The Soup website. Doshi said to the website in her interview to Ankita Shah, "*I am so excited to see the book come out in different countries and also to see how readers engage with the book. The title change which was a collaborative decision came after hearing my UK editor Hermione Thompson's concerns about whether the original title would translate in the same way for a UK audience. Covers are mostly always different from region to region, and in this case, I can't take any credit because I've had the good fortune of having brilliant designers do the covers for both editions. The book is obviously layered and complex and I think both point to different aspects of the story. For the UK cover, the idea of the domestic monster, something uncanny and yet banal, was where the image stemmed from. The cover for the UK edition is by Holly Ovenden.*"


Photo: www.facebook.com/avnidoshi/photos/

The differences in titles and ISBN numbers of the same novel prove the attempt of Doshi and her literary agents to maximize the readership and mileage for the novel. Doshi changed her publisher from Harper Collins India to Penguin International to float her novel in international market. A different editing lookout is employed for the foreign version of the novel. The publishing houses are approached by the literary agents, because an author cannot directly approach a publishing house. If you are a best seller at home, then only such agents will contact you, which enable you to pitch the book for bigger international publishing houses. The international publishing houses make changes in the title of the novel as per the sensibilities of the audience, as a cultural translation is not usually suitable for titles.

# "ઊઘડતી દિશાઓ" રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો જન સામાન્ય સુધી પ્રસાર



**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા (આઈઆઈટીઈ) દ્વારા દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર સાથે મળીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પરની એક સંવાદ શ્રેણી - 'ઊઘડતી દિશાઓ'નું આયોજન થયું.**

સમાજમાં વ્યાપક સ્તરે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે સમજ વિકસે તે હેતુથી ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા (આઈઆઈટીઈ) દ્વારા દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર સાથે મળીને એક સંવાદ શ્રેણી - 'ઊઘડતી દિશાઓ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

દસ ભાગમાં પ્રસારિત થયેલી સંવાદ શ્રેણીમાં ગુજરાતના શિક્ષણ ક્ષેત્રના જાણીતા શિક્ષણવિદો અને વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને આમંત્રિત કરવામાં આવ્યા અને તેમની સાથે શિક્ષણ નીતિના વિવિધ આયામો વિશે ચર્ચા કરવામાં આવી. તા. 17 ઓગસ્ટથી શરૂ થયેલી 'ઊઘડતી દિશાઓ' શ્રેણી 28 ઓગસ્ટ સુધી દૂરદર્શનની DD-ગિરનાર ચેનલ પરથી પ્રસારિત કરવામાં આવી અને 29 ઓગસ્ટના રોજ માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શક ઉદ્‌બોધનથી આ શ્રેણીનું સમાપન થયું.

શ્રેણીના અંતિમ મણકામાં માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું, કે, "પહેલીવાર 1968માં ત્યારપછી 1986 અને 86 પછી 34 વર્ષે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રાષ્ટ્ર સમક્ષ મૂકી છે. અત્યાર સુધી વાતોમાં, ભાષણોમાં પરિણામોમાં કોઈ કારણ બતાવવામાં આવે તો કહે કે આ બહુ જૂની છે, અંગ્રેજોના વખતની છે. મેકોલેના વખતની છે, પણ એમાં શું કરવું જોઈએ. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ 2015માં આનો વિચાર શરૂ કર્યો. બધા શિક્ષકમિત્રો વચ્ચે એમણે કહેલી વાત કદાચ બહુ ઓછા લોકોને ખબર હોય. કે કોઈ પણ નીતિની સાથે સરકાર અને પાર્ટીનું નામ જોડાય છે. ઉદ્યોગનીતિ યુપીએની, કૃષિનીતિ એનડીએની, પ્રવાસન નીતિ ભાજપની, સિંચાઈ નીતિ કોંગ્રેસની, શિક્ષણ નીતિ એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હોવી જોઈએ અને ભૂલથી પણ એ ભાજપની ન બને પરંતુ ભારતની બને. એનુ પરિણામ આપણે જોઈએ છીએ કે વૈચારિક રીતે, મૂળભૂત રીતે, ભાજપના વિરોધી જે મિત્રો છે એના સિવાય કોઈપણ ટીકા નથી કરી અને એમણે પણ નીતિ સારી છે પણ વિરોધ કરવો જોઈએ એટલે કર્યો કે નીતિ સારી છે પણ અમલીકરણ શક્ય છે? હા, શક્ય છે જ. કેમ નથી! અને આ માનનીય નરેન્દ્રભાઈની ભાષામાં કહું તો આ કોઈ જીઆર નથી, માત્ર દસ્તાવેજ નથી, આ શિક્ષણનો મહાયજ્ઞ શરૂ થયો છે. પહેલા ધોરણથી આઠમાં ધોરણ સુધી બાળકને નાપાસ નહીં કરવાનો. ઉદ્દેશ સારો છે. પણ આપણે ત્યાં શું બન્યું. 2009માં લીધેલો નિર્ણય એની અસર આજે છે. એ વાતને પણ આજે નવી પોલીસીમાં ધ્યાનમાં લેવામાં આવી છે."

આ શ્રેણીના નિર્માણ વિશે વાત કરતા આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સર્વસમાવેશક શિક્ષણ વ્યવસ્થાને આગળ વધારવાની તક મળી છે. આ નીતિની ઘણી મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતાઓ છે, જેના વિશે ચર્ચા-વિચારણા કરવાની જરૂર છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સહિતના શિક્ષણ વ્યવસ્થામાં સહભાગી થતાં તમામે આ નીતિને યોગ્ય રીતે સમજવી જરૂરી છે."

# આ સંવાદ શ્રેણીમાં ભાગ લેનારા તજજ્ઞો તથા આવરી લેવાયેલા વિષયો



### રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન દ્વારા તમામ ક્ષેત્રોમાં શૈક્ષણિક સંશોધન

**પ્રો. રમા શંકર દુબે**
માન. કુલપતિશ્રી,
સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત



### ભારતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા માટેની દૂરદર્શિતા

**પ્રો. શિરીષ કુલકર્ણી**
માન. કુલપતિશ્રી,
સરદાર પટેલ યુનિવર્સિટી



### ઓનલાઇન તથા ડિજિટલ શિક્ષણમાં ટૅક્નૉલૉજીનો ઉપયોગ અને એકીકરણ

**પ્રો. નવિન શેઠ**
માન. કુલપતિશ્રી,
ગુજરાત ટૅક્નૉલૉજીકલ યુનિવર્સિટી



### ઉચ્ચ શિક્ષણની નિયમનકારી વ્યવસ્થામાં પરિવર્તન

**પ્રો. હિમાંશુ પંડ્યા**
માન. કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી



### ભાવિ પેઢીઓને આકાર આપવામાં શિક્ષક પ્રશિક્ષણની ભૂમિકા અને તેની નિસબત

**ડૉ. હર્ષદ પટેલ**
માન. કુલપતિશ્રી,
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન



### શિક્ષણ નીતિમાં ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન

**પ્રો. અમી ઉપાધ્યાય**
માન. કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી



### 5+3+3+4 રૂપરેખામાં શાળા અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રનું પુનર્ગઠન

**ડૉ. નીતિન પેથાણી**
માન. કુલપતિશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી



### સાકલ્યવાદી અને બહુ-વિદ્યાશાખીય શિક્ષણને પ્રાધાન્ય

**પ્રો. ચેતન ત્રિવેદી**
માન. કુલપતિશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી



### ભણતરનો પાયો : બાળપણની સંભાળ અને પ્રારંભિક શિક્ષણ

**ડૉ. ટી. એસ. જોશી**
નિયામક,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ



### શિક્ષકોની ભૂમિકા અને સ્થિતિ તથા શિક્ષક પ્રશિક્ષણ માટેનો અભિગમ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા**
નિયામક, સીડીસી,
સીવીએમ યુનિવર્સિટી

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે તાજેતરમાં કરેલી વાતને ટાંકતા કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે, "આપણા માન. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું છે કે જ્યારે તમામ હિતધારકો આ શિક્ષણ નીતિને અસરકારક બનાવવામાં ફાળો આપશે ત્યારે તેની સફળતા નિશ્ચિત છે. આથી ભાવિ પેઢી માટેના શિક્ષકોને તૈયાર કરતી યુનિવર્સિટી તરીકે આઈઆઈટીઈએ રાજ્યના શિક્ષણવિદો, યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને આ ચર્ચા શ્રેણી માટે આમંત્રિત કર્યા છે. આ નીતિને જન સામાન્યને સમજાય તેવી રીતે સરળ શબ્દોમાં રજૂ કરીને તેના વિવિધ પાસા વિશે સંવાદ કરવા માટે આ શ્રેણીનું આયોજન કર્યું છે."

તેમણે ઉમેર્યું, "અમે દૂરદર્શન અમદાવાદ સાથે મળીને આ સંયુક્ત ઉપક્રમ હાથ ધર્યો છે, કારણ કે ડીડી-ગિરનાર ચેનલની રાજ્યભરમાં ખૂબ વ્યાપક પહોંચ છે. તેમની પાસે શહેરી અને ગ્રામીણ દર્શકોનું સારું મિશ્રણ છે, તેથી આ શ્રેણીનો સંદેશ સમાજના મોટા ભાગ સુધી પહોંચશે."



# સંપૂર્ણ સ્વચ્છતા સાથે ચટાકેદાર પાણીપુરી પીરસતું વેન્ડિંગ મશીન

## આઈઆઈટીઈનાં સિસ્ટમ્સ મેનેજર વૈશાલી પટેલે તેમના જીવનસાથી અમિત પટેલ સાથે મળીને વિકસાવેલા પાણીપુરી વેન્ડિંગ મશીનની પેટન્ટ મંજૂર થઈ.

પાણીપુરીનું નામ સાંભળતા જ મોઢામાં પાણી આવી જાય. પરંતુ હાલના સમયમાં ચટાકેદાર પાણીપુરી ખાવાના ઓરતા કોરોના મહામારીના સમયમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને મનમાંને મનમાં જ રાખવા પડે છે. જોકે, આઈઆઈટીઈમાં સિસ્ટમ્સ મેનેજર તરીકે કાર્યરત્ વૈશાલી પટેલ અને તેમના જીવનસાથી અમિત પટેલે પાણીપુરીના એ ખાટામીઠા સ્વાદ સાથે ચોખ્ખાઈ અને આરોગ્યપ્રદ વ્યવસ્થા જાળવી શકાય તેવું પાણીપુરીનું વેન્ડિંગ મશીન વિકસાવ્યું છે.

સૌથી મહત્ત્વની અને આઈઆઈટીઈ માટે ગૌરવની વાત એ છે કે, વૈશાલી અને અમિત પટેલના આ પાણીપુરી વેન્ડિંગ મશીન માટેની નવીન પ્રક્રિયા વિકસાવવા માટે પેટન્ટ પણ મળી ચૂકી છે.

દરેક સફળતા પાછળ મુશ્કેલીઓ, તેના ઉકેલ અને એ ઉકેલ શોધવા માટે કરવા પડતા પરિશ્રમની રસપ્રદ અને પ્રેરક કથા હોય છે. એવી જ રીતે આ પાણીપુરી વેન્ડિંગ મશીન વિકસાવવા પાછળ માત્ર અથાક પરિશ્રમની રસપ્રદ કથા જ નથી, પરંતુ સમાજમાં રોજગારી વિકસાવવાનો તાત્વિક ઉદ્દેશ્ય અને વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ભારતને આત્મનિર્ભર બનાવવાની હાકલમાં એક રચનાત્મક યોગદાન આપવાનો પણ છે.

વૈશાલી અને અમિત પટેલ અભ્યાસે એન્જિનિયર છે. અમિત પટેલ હાલમાં નડિયાદની ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં મિકેનિકલ એન્જિનિયરિંગના સહાયક અધ્યાપક છે. ત્રણ વર્ષની મહેનત બાદ બનેલા વેન્ડિંગ મશીન માટે તેમણે કરેલી પેટન્ટ માટેની અરજીને પેટન્ટ કાર્યાલય કલકત્તા દ્વારા ઓગસ્ટ 2020માં મંજૂરી આપવામાં આવી.

પાણીપુરીનું વેન્ડિંગ મશીન બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો તે વિશે વૈશાલીબેને જણાવ્યું કે, " આરોગ્ય વિભાગે વર્ષ 2018માં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના વિવિધ



વૈશાલી પટેલ



અમિત પટેલ

વિસ્તારોમાં બિન-આરોગ્યપ્રદ પાણીપુરી વેચવા માટે સંખ્યાબંધ શેરી વિક્રેતાઓ અને મીઠાઈની દુકાનોને સીલ કરી. આ ઘટનાના સમાચાર વાંચતા અમને આ મશીન બનાવવાનો વિચાર આવ્યો."

તેમણે કહ્યું, "અશુદ્ધ ખાદ્યસામગ્રીનો વપરાશ, યોગ્ય જાળવણીની સુવિધાનો અભાવ, વાસણો ધોવાની અયોગ્ય રીતો, અકુશળ કામદારો અને અવૈજ્ઞાનિક પ્રક્રિયાને કારણે આપણું સ્વદેશી સ્ટ્રીટ ફૂડ વૈશ્વિક સ્તરે લોકપ્રિય નથી બની શકતું. આ બધા પરિબળોએ અમને પાણીપુરીના વેન્ડિંગ મશીન વિકસાવવાના વિચારને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે પ્રેર્યાં."

આ મશીનને વિકસાવવા માટે આ યુગલે પોતાના એન્જિનિયરિંગના જ્ઞાનને ઉપયોગમાં લીધું. તેમણે મશીન માટેનાં નવા ડિઝાઇન મિકેનિઝમ, ફૂડ ગ્રેડ સામગ્રી, ફિઝિબિલિટી માટેના પ્રયોગો અને સંશોધન કરવાની શરૂઆત કરી. આ પ્રક્રિયામાં સંખ્યાબંધ નિષ્ફળતાઓ મળે તે સ્વાભાવિક છે, પરંતુ એ દરેક નિષ્ફળતા, સફળતા તરફનો નવો માર્ગ ખોલી આપે છે. આ પટેલ દંપતીએ પ્રયોગોમાં મળેલી નિષ્ફળતાને જ સફળતા માટેની દીવાદાંડી સમજીને સંશોધન આગળ ધપાવ્યું. વૈશાલીબેને આઈઆઈટીઈમાં પોતાની નોકરી, ઘરની વ્યવસ્થા અને બાળકોના અભ્યાસની



જવાબદારી સંભાળવા ઉપરાંત આ મશીનને ઓટોમેટિક બનાવવા માટે કન્ટ્રોલર ડિઝાઇન અને પ્રોગ્રામિંગ પાછળ દિવસ રાત કામ કરવાનું ચાલુ કર્યું.

આ પ્રયોગ કરવા માટે સારા એવા આર્થિક સહકારની જરૂર હતી. પરંતુ જીવન જરૂરી ખર્ચમાં જ કમાણી વપરાઈ જતા વૈશાલીબેને પોતાની વ્યક્તિગત બચતને આ કામ માટે ખર્ચી નાખી.

મશીનની ખૂબી તેને ચલાવવા માટે જે તબક્કાવાર પ્રક્રિયા વિકસાવી છે, તે છે અને તેને કારણે જ આ દંપતીને આ મશીન માટેની પેટન્ટ મળી છે. અમિતભાઈએ આ મશીનની ડિઝાઇન વિશે વાત કરતા કહ્યું, "આ મશીનમાં કુલ 9 મિકેનિઝમ ઇન્સ્ટોલ કરેલાં છે. જે સ્ટેપર મોટર, સેન્સર, કન્ટ્રોલર, સોલેનોઇડ અને બીજા ઇલેક્ટ્રોનિક ડિવાઇસથી કંટ્રોલ થાય છે. અમે 2D પોઝિશન્સ સબટ્રેક્શન, સિક્વન્સીંગ અલ્ગોરિધમ પણ ડેવલપ કરેલું છે. જે મશીનનો સાયકલ ટાઈમ ઓછો કરવાનું કામ કરે છે."

આ સાયકલ ટાઈમ ઓછો થવાથી મશીન 30 સેકન્ડમાં જુદા જુદા સ્વાદનું પાણી ધરાવતી છ પાણીપુરીની પ્લેટ તૈયાર કરી નાખે છે.

અમિતભાઈએ કહ્યું, " ભવિષ્યમાં અમે મશીનનાં કન્ટ્રોલરને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અલગોરિધમથી ટ્રેન કરીશું. અમારું ફ્યુચર વિઝન છે કે આપણા સ્વદેશી સ્ટ્રીટ ફૂડ પાણીપુરીને વૈશ્વિક ધોરણે પ્રચલિત કરવું અને આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના આત્મનિર્ભર ભારત ના સપનાને પૂરું કરવું."

વૈશાલીબેને પણ ઉમેર્યું કે, "આ મશીન પાણીપુરીનો વ્યવસાય કરતા વિક્રેતાઓ માટે ઉપયોગી બને તેમ છે. તેની મદદથી તેઓ તેમના ગ્રાહકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રીતે પાણીપુરી પીરસી શકે છે. "

હવે આ દંપતી તેમના આ અનોખા સંશોધનને વ્યાવસાયીક સ્તરે વિકસાવવા માટે પ્રયત્નશીલ છે.



# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020: 125 કરોડ દેશવાસીઓની આકાંક્ષાઓ

**દેશમાં 34 વર્ષ પછી શિક્ષણ ક્ષેત્રમાં સર્વાંગી પરિવર્તનનો નિર્દેશ કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ભારત સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. આ નીતિ આવનારા દશકો માટે ભારતના યુવાધન અને ભવિષ્યના ઘડતરનો માર્ગ નિર્ધારિત કરશે. દૂરદર્શનની DD-ગિરનાર ટીવી ચેનલ દ્વારા આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને 4 ઓગસ્ટના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિવિધ આયામોની છણાવટ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.**

**અહીં પ્રસ્તુત છે આ સંવાદના કેટલાક અંશો...**

**પ્ર. શિક્ષણ ક્ષેત્રે આવેલા નીતિગત બદલાવોને આપ કેવી રીતે જુઓ છો, એનું વિઝન શું છે?**

**જ.** છેલ્લી શિક્ષણ નીતિ એ 1986માં આવેલી અને સંવર્ધિત 1992માં. એટલે 1986થી 2015 સુધીનો સમયગાળો, એટલે લગભગ 29-30 વર્ષ જેટલો સમયગાળો થયો. ત્યારબાદ એનડીએ સરકારે નવી શિક્ષણની દિશામાં વિચાર કર્યો અને એમ કહ્યું કે પૉલિસી ડોક્યુમેન્ટ નથી માત્ર પરંતુ કન્સલ્ટેશન છે, 125 કરોડ દેશવાસીઓની આકાંક્ષાઓ છે. એમએચઆરડી દ્વારા એક સમિતિ રચવામાં આવી. એ સમિતિએ કેટલીક ભલામણો કરીને ડ્રાફ્ટ પૉલિસી 2019માં તૈયાર કરી.

આ પૉલિસીને આધારિત સમગ્ર દેશમાંથી 2 લાખથી પણ વધારે લોકોએ સૂચનો મોકલ્યાં, જે સૂચનોની મદદથી આ પૉલિસીને વધારે સુદૃઢ બનાવવામાં આવી. આ માત્ર નવી શિક્ષણ નીતિ નથી, પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ છે. સ્વાભાવિક રીતે દર 25 વર્ષે એક પેઢી બદલાતી હોય છે, પરંતુ આ તો 35-36 વર્ષ પછી આ નવી નીતિ આવી. એટલે કે એક પેઢી કરતાં પણ વધારે સમય થયો છે, ત્યારે જાગ્યા ત્યારથી સવારની જેમ આ નેશનલ એજ્યુકેશન પૉલિસીને આપણે આવકારીએ.

**પ્ર. નીતિમાં દર્શાવેલું 5+3+3+4 માળખું શું છે?**

**જ.** 5+3+3+4 સ્ટ્રક્ચર નવી શિક્ષણ નીતિનું મહત્ત્વપૂર્ણ પાસુ છે. નવા માળખામાં પ્રારંભિક શિક્ષણના 5 વર્ષ ફાઉન્ડેશન કોર્સ માટે છે. વર્ષ 2010થી આરટીઈ (રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ)નું અમલીકરણ થતા 1 થી 8 ધોરણ સુધી ભણવાની વ્યવસ્થા થઈ. વાલીઓની અપેક્ષાઓ એવી છે કે બાળક 3 વર્ષનું થાય એટલે એને ભણવા મૂકીએ. આથી ખાનગી ક્ષેત્ર પ્લે-ગ્રુપ, કેજી-1, કેજી-2 અને પછી પહેલા ધોરણમાં પ્રવેશ આપતું હોવાથી વાલીઓ ખાનગી ક્ષેત્ર તરફ ફંટાય છે.

હવે છ વર્ષની વયથી ભણવાની વાતને પુનઃવ્યાખ્યાયિત કરીને પાંચ – એટલે પ્લે ગ્રુપ-નર્સરી, કેજી-1, કેજી-2, પહેલું અને બીજું ધોરણ, એમ પાંચ વર્ષનો સમયગાળો એ પ્રાઈમરી એજ્યુકેશનના ફાઉન્ડેશન કોર્સમાં મૂકવામાં આવ્યો છે. ઘણાં રીપોર્ટ્સમાં ફરિયાદ આવે છે કે બાળક પાંચમા -છઠ્ઠા ધોરણમાં આવી જાય છતાં તેને લખતાં વાંચતા ન આવડતું હોય, તો આ ફાઉન્ડેશન કોર્સ દ્વારા તેનો પાયો મજબૂત કરવાની વ્યવસ્થા આ નેશનલ એજ્યુકેશન પૉલિસીમાં છે.

**પ્ર. ઓનલાઈન એજ્યુકેશન માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કેટલો અને કેવો સ્કોપ છે ?**

**જ.** ડ્રાફ્ટ પૉલિસીમાં ટેક્નૉલૉજીના ચેપ્ટર્સ સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ કોરોના મહામારી સમગ્ર વિશ્વમાં પ્રસરી એટલે આ પૉલિસી ડોક્યુમેન્ટમાં ઓનલાઈન એજ્યુકેશન માટે અલગ વિચારણા અને વ્યવસ્થા કરવામાં આવી છે. ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યા સિવાય આપણે આ બાબતોને લાગુ પાડી શકતા નથી. માનો કે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આપણે ઊભું કરીએ, તો એને આધારિત ઈ-કન્ટેન્ટ આપણે વિકસાવી શકીએ છીએ કે કેમ? એ પ્રકારે શિક્ષકો એ વિષયના નોલેજની ડિલિવરી કરી શકશે કે કેમ? વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસ અને એની ઇવેલ્યુએશનની પ્રક્રિયા માટે પણ આ પૉલિસી ડોક્યુમેન્ટમાં પાયલોટ પ્રોજેક્ટ કરવા માટે સૂચન કરેલું છે. એને આધારિત રિવ્યૂ કરીને ઓનલાઈન એજ્યુકેશન વિશે અલગથી ગાઈડલાઈન બહાર પડશે. આ માટે એક અલગ સેલ બનશે જેમાં ટેક્નૉલૉજીના, એજ્યુકેશનના તથા વિષયોના નિષ્ણાતો સામેલ હશે. આ સેલના કારણે આપણે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓનલાઈન એજ્યુકેશન માટેનો એક પૂલ બનાવી શકીશું અને એક કોમન પૂલ બનાવ્યા સિવાય ઓનલાઈન એજ્યુકેશન કોઈ પણ દેશ માટે આટલા મોટા વ્યાપ પર ટકી ન થઈ શકે, એટલે એક સસ્ટેનેબલ મોડેલ આપવા માટે કેન્દ્રીય કક્ષાએથી એક પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે, જેના કારણે સ્કૂલ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો એમાં જોડાઈ શકશે, હાલ સ્વયં, દીક્ષા જેવા પોર્ટલો તો છે જ પરંતુ એને વધારે સુદૃઢ કરવામાં આવશે.

**પ્ર. વિદ્યાર્થીને શિક્ષણ પ્રક્રિયામાં અનુકૂલન જળવાય એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શું વ્યવસ્થા છે ?**

**જ.** વિદ્યાર્થી હાયર એજ્યુકેશનમાં આવે ત્યારે એવું બને કે વિદ્યાર્થીને કામ-ધંધા, નોકરી પર લાગવું પડે, પોતે અભ્યાસ પૂર્ણ ન કરી શકે. આ નીતિમાં એ ફ્લેક્સિબિલિટી આપવામાં આવી છે કે એક વર્ષ પૂર્ણ થયું તમારે એમાંથી બહાર નીકળવું છે, ર વર્ષ પૂર્ણ થયા ત્યારે તમારે એમાંથી બહાર નીકળવું છે, તો એ સર્ટિફિકેટ, ડિગ્રી, ડિપ્લોમા, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા જેવી કસ્ટમાઈઝેશનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહી છે.

**પ્ર. પ્રાથમિક શિક્ષણમાં માતૃ-ભાષા પર પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, એ વિશે આપનું અવલોકન શું છે ?**

**જ.** આખી ભારતીય સંસ્કૃતિ ભાષા પર ધબકે છે. રાજ્યોની રચના ભાષાના આધારે થઈ. વિશ્વના કોઈ પણ દેશના સંશોધનોમાં માતૃભાષામાં અભ્યાસ સર્વશ્રેષ્ઠ હોવાનું તારણ મળે છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીની શીખવાની ભાષા અને એને જ્ઞાન સંપાદન કરવાની, સ્વીકૃત કરવાની ભાષા બંને ખૂબ મહત્ત્વની છે. પાંચમા ધોરણ સુધી સ્થાનિક અથવા




માતૃભાષામાં અભ્યાસ, આઠમા ધોરણ સુધી થાય તો એ વધારે હિતકારક છે. જો વિદ્યાર્થીઓને સ્થાનિક અથવા માતૃભાષામાં શિક્ષણ મળે અને શિક્ષકો પણ સ્થાનિક ભાષામાં શિક્ષણ આપી શકે તો વિદ્યાર્થીઓનું ડ્રોપઆઉટ ઓછું થાય. આથી માતૃભાષામાં અભ્યાસ એ ખૂબ મહત્ત્વની જોગવાઈ છે. એમાં પણ રાજ્ય સરકારોને ત્રિ-ભાષી સૂત્ર આધારિત કેટલીક બાબતોનો નિર્ણય કરવાની જોગવાઈ આ નીતિમાં છે. જે આવનારા સમયમાં વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયા સુદૃઢ કરશે. અને અભ્યાસમાં ભાષાના પ્રશ્નોના કારણે ભારણ નહીં થાય અને ડ્રોપઆઉટ ઘટશે. આપણે જુદી-જુદી સાઉથની તથા અંગ્રેજી ફિલ્મો હિન્દીમાં ડબ થયેલી જોઈએ છીએ, ઘણા બધા કાર્યક્રમો અને સમાચાર સ્થાનિક ભાષામાં જોવા અને વાંચવાનું વધારે પસંદ આવે છે. NEETની પરીક્ષા હોય કે બીજા અભ્યાસક્રમો હોય, જો વિદ્યાર્થીને એની માતૃભાષામાં કે પ્રાદેશિક ભાષામાં શીખવવામાં આવે તો એ વધારે ઉત્કૃષ્ટ રીતે દેખાવ કરી શકે. મને લાગે છે કે પૉલિસીનો મૂળભૂત આશય વિદ્યાર્થીમાં રહેલી શ્રેષ્ઠતાને બહાર લાવવાનો છે, એ શ્રેષ્ઠતાની અભિવ્યક્તિમાં ભાષા અવરોધ નહીં પણ અસરકારક માધ્યમ બનશે.

**પ્ર. આગામી સમયમાં શિક્ષકોની તાલીમમાં કેવું પરિવર્તન આવશે ?**

**જ.** નીતિમાં ટીચર એજ્યુકશન પર સહુથી વધારે ભાર મુકાયો છે. અત્યારે સમગ્ર દેશમાં ગ્રેજ્યુએશન પછી 2 વર્ષના બી.એડ. અભ્યાસક્રમની વ્યવસ્થાઓ છે, જે પહેલાં એક વર્ષનો અભ્યાસક્રમ હતો, તે 2015થી 2 વર્ષનો બન્યો છે, પૉલિસી પ્રમાણે 4 વર્ષીય એટલે કે એકીકૃત બી.એડ. અભ્યાસક્રમ મૂકવામાં આવ્યો છે. એટલે 12મા પછી 4 વર્ષનો અભ્યાસક્રમ, બી.એસસી.-બી.એડ., બી.એ.-બી.એડ. એવી રીતે શિક્ષક તૈયાર થશે. સ્નાતક થયા પછી 2વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ થઈ શકશે, પોસ્ટ ગ્રેજ્યુએશન પછી 1 વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ પણ થઈ શકશે. પરંતુ આ 2 વર્ષ અને 1 વર્ષનો અભ્યાસક્રમ યુનિવર્સિટીઝ અથવા તો જ્યાં 4 વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ ચાલે છે તે જ સંસ્થાઓ ઓફર કરી શકશે. જે સંસ્થાઓમાં માત્ર બી.એડ. કોર્સ છે, એમણે વર્ષ 2030 સુધીમાં ફોર યર ઇન્ટિગ્રેટેડ બી.એડ. કોર્સમાં કન્વર્ટ થવું પડશે.

# NCERTના એકમ આર.આઈ.ઈ, ભુવનેશ્વરે ઉજવ્યો 58મો સ્થાપના દિવસ




તારીખ 05 ઓગસ્ટના રોજ NCERTના રીજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન (આર.આઈ.ઈ.), ભુવનેશ્વરનો 58મો સ્થાપના દિવસ ઉજવાયો. NCERTના અનેક એકમોમાંથી એક એટલે આર.આઈ.ઈ. ભુવનેશ્વર. આ કાર્યક્રમની ઓનલાઈન ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે આઈ.આઈ.ટી.ઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ હાજર રહ્યા હતા. તેઓએ આ પ્રસંગે આર.આઈ.ઈ.ના કાર્યોને બિરદાવી આઈ.આઈ.ટી.ઈ. અને આર.આઈ.ઈ વચ્ચે સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ થાય તેવું સૂચન કર્યું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ ક્ષેત્રે આવનાર સુધારા અને અભ્યાસક્રમોમાં ફેરફાર અંગે વાત કરતા તેઓએ શિક્ષક પ્રશિક્ષણના ઉજ્જવળ ભવિષ્ય અંગે વાત કરી અને દરેક વિદ્યાર્થીઓ ખૂબ સારા શિક્ષકો બની દેશની ઉત્તમ સેવા કરે એવી આશા વ્યક્ત કરી.

# સંસ્કૃત દિવસ-રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને સંસ્કૃત વિશે પરિચર્ચા




તારીખ 03 ઓગસ્ટના રોજ આઈઆઈટીઈ અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં સંયુક્ત ઉપક્રમે " રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને સંસ્કૃત" તથા "સંસ્કૃત શિક્ષકોનું ઉત્તરદાયિત્વ" વિષય ઉપર પરિચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય કુલપતી ડૉ. હર્ષદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યુટ્યુબ અને ફેસબુક લાઈવના માધ્યમ પર યોજાયેલ આ ચર્ચામાં સંસ્કૃત સંવર્ધન પ્રતિષ્ઠાન, નવી દિલ્હીના સચિવશ્રી પદ્મશ્રી ચમૂકૃષ્ણ શાસ્ત્રીજી હાજર રહ્યા હતા. તેઓએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા સંસ્કૃત શિક્ષણ ક્ષેત્રે આવનાર સુધારા અંગે વિસ્તૃત વાત કરતા કહ્યું કે "આ નીતિનો મુખ્ય ઉદ્દેશ એવા નાગરિકોનું નિર્માણ કરવાનો છે જે વૈચારિક, બૌદ્ધિક અને કાર્યવ્યવહારથી ભારતીય હોય. અને આ કાર્ય સંસ્કૃતભાષા થકી જ શક્ય બનશે."

**સ્પર્ધાનું પરિણામ**

| | | |
|---|---|---|
| **ગીતા શ્લોકગાન સ્પર્ધા** | | |
| ૧.રાહુલ ગાગિયા | પ્રથમ | B.Sc., B.Ed. - IITE |
| ૨.પીયુષ પટેલ | દ્વિતીય | M.A.(Hindi, Sanskrit) |
| ૩.અવિનાશ પટેલ | તૃતિય | M.Sc. (physics) |
| **કથા કથન સ્પર્ધા** | | |
| ૧.ખેવના જોષી | પ્રથમ | B.A.-B.Ed. - IITE |
| ૨.સુરેશકુમાર નાગલા | દ્વિતીય | શિક્ષક |
| ૩.ચૈતન્ય જોષી | તૃતિય | શાસ્ત્રી દ્વિતીય વર્ષ |
| **સ્તોત્ર ગાન સ્પર્ધા** | | |
| ૧. પ્રણવ રાજ્યગુરુ | પ્રથમ- | B.A.-B.Ed. - IITE |
| ૨.રસાર્દ્ર ગોસ્વામી | દ્વિતીય | શાસ્ત્રી દ્વિતીય વર્ષ |
| ૩.પીયૂષ પટેલ | તૃતિય | M.A.(Hindi, Sanskrit) |

**વિશેષ પુરસ્કારઃ**

**નીતાબેન બારીયા - ગીતાશ્લોકગાન સ્પર્ધા**

એક ગૃહિણી હોવા છતાં પણ ગીતાના બારમા અધ્યાયનું સંપૂર્ણ કંઠસ્થ ગાન કર્યું હતું.

તા. 14 ઓગસ્ટના રોજ આઈઆઈટીઈમાં 'સંસ્કૃતદિવસ' યોજાયો. ઈન્ટરનેટના માધ્યમથી 'ઝૂમ' એપ્લિકેશન દ્વારા 'ગીતા શ્લોકગાન સ્પર્ધા', 'સંસ્કૃત કથા કથન સ્પર્ધા' અને 'સંસ્કૃત શ્લોક(સ્તોત્ર)ગાન સ્પર્ધા' એમ ત્રણ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ સહિત શિક્ષકો અને સામાજિકો મળીને 71 પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો જેમાંથી 10 સ્પર્ધકોએ ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા અને તમામ પ્રતિભાગીને ઇ-પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા. માન. કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલે આ દિવસે વિશેષ શુભકામનાઓ પાઠવી. આ ઉપરાંત શ્રી ભાવપ્રકાશ ગાંધી, સુશ્રી ભૈરવી દીક્ષિત, સુશ્રી સોનિયા પટેલ અને શ્રી જય ઓઝાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

# Campus Canvas

## Practical Exams on campus







આઈઆઈટીઈ કેમ્પસ સહિત રાજ્યના 5 અલગ અલગ કેન્દ્રો પર બી.એસ.સી.-બી.એડ. તથા એમ.એસ.સી.-એમ.એડ.ના વિદ્યાર્થીઓની ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષાઓ સફળતાપૂર્વક યોજાઈ.



તા. 30 ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં યોજાયેલા પ્રકૃતિ વંદના કાર્યક્રમમાં આઈઆઈટીઈ પરિવાર સહભાગી બન્યો



ઓગસ્ટની શરૂઆતમાં લેવાયેલી પ્રવેશ પરીક્ષા બાદ હાલમાં યુનિવર્સિટી અને સંલગ્ન બી.એડ. કોલેજોમાં ચાલી રહી છે, પ્રવેશ માટે કોલેજ પસંદગી અને કાઉન્સેલિંગની પ્રક્રિયા




યુનિવર્સિટીની એકેડેમિક અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની 20 ઓગસ્ટના રોજ યોજાયેલી બેઠકોમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયો.



एक लब्ज़, एक अहसास, एक संकल्प,
एक चाहत, एक इबादत, एक प्रकल्प,
मैं सोचता हूँ क्या होगी क़ीमत आज़ादी की ?
मै जानता हूँ क्या होगी नियत आज़ादी की ?
बलिदानों के ढेर से मिलीं ये आज़ादी,
लहू के लाल रंगों से सींची ये आज़ादी,
क्या सच मै आज़ादी हमें मिलीं हैं।
क्या सच मै आज़ादी यहाँ खिली हैं।
अपनी आदतों के गुलाम हम आज़ाद हैं।
अपने स्वार्थ के शिकार हम आज़ाद हैं।
अनमोल आज़ादी का हमें कोई मोल नहीं हैं।
अपनी आज़ादी पे देश का कोई तोल नहीं है।
आओं करे प्रण देश को आज़ाद करेंगे।
खुद से ऊपर उठ के देश का सोचेंगे।
नहीं होंगी कुंठित सोच या कुंठित विचार।
देश की खातिर प्राण भी न्योछावर करेंगे।
- अमित शिंगाळा



## Celebrating 74 years of Freedom

IITE celebrated 74th Independence Day at the campus following social distancing and safety measures.Hon. Vice Chancellor Sir Dr. Harshad Patel hoisted the National Flag and wished that on this independence day our country get free from the pandemic and its adversities